# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****************************************************

1) દેશ આજે 77મો પ્રજાસત્તાક પર્વ ઉજવી રહ્યો છે - રાષ્ટ્રપતિ કર્તવ્ય પથ પર પરેડની સલામી ઝીલશે.

2) કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું, યુરોપિયન યુનિયન ભારત માટે એક મહત્વપૂર્ણ આર્થિક અને વ્યૂહાત્મક ભાગીદાર છે.

3) ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સએ 55 કરોડનો - 22 કિલોગ્રામ માદક પદાર્થ જપ્ત કર્યો.

4) પૂર્વીય કોંગોમાં આતંકવાદી હુમલામાં 25 લોકોના મોત.

5) ક્રિકેટમાં, ભારતે ત્રીજી T-20 મેચમાં ન્યુઝીલેન્ડ સામે આઠ વિકેટથી વિજય મેળવ્યો.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REPUBLIC DAY

દેશ આજે તેનો 77મો પ્રજાસત્તાક દિવસ ઉજવી રહ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પરથી આ દિવસની ઉજવણીમાં રાષ્ટ્રનું નેતૃત્વ કરશે. પ્રજાસત્તાક દિવસની પરેડ સવારે 10:30 વાગ્યે શરૂ થશે.

સાંભળીએ એક અહેવાલ –

( BYTE : INDEPENDENCE PARADE )

77મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી આજે નવરચિત વાવ-થરાદ જિલ્લામાં થશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મલુપુર ખાતે આજે સવારે 9 કલાકે રાષ્ટ્રધ્વજ લહેરાવીને ધ્વજવંદન કરાવશે તેમજ પરેડ માર્ચ પાસ્ટની સલામી ઝીલશે. રાજ્યકક્ષાની ઉજવણી અવસરે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા પોલીસ દળ દ્વારા વિવિધ નિદર્શનો પણ પ્રસ્તુત કરાશે.

# PRESIDENT ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 77મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધતા, ભારતના યુવા ઉદ્યોગસાહસિકો, રમતવીરો, વૈજ્ઞાનિકો અને વ્યાવસાયિકોની રાષ્ટ્રને ઉર્જા આપવા અને વૈશ્વિક સ્તરે પોતાની છાપ છોડવા બદલ પ્રશંસા કરી.

રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં, ભારત સતત આર્થિક વિકાસ નોંધાવી રહ્યું છે. તેમણે કહ્યું કે દેશ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે અને નજીકના ભવિષ્યમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહી છે.

# PM INTERNSHIP SCHEME

પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ભાગ રૂપે, સરકારે દેશભરના 100 થી વધુ પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ સ્કીમ (PMIS) ઇન્ટર્ન માટે નવી દિલ્હીમાં ત્રણ દિવસીય કાર્યક્રમનું આયોજન કર્યું છે.

કોર્પોરેટ બાબતોના મંત્રાલયે માહિતી આપી હતી કે આ ઇન્ટર્ન આજે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ખાસ મહેમાન બનશે. પ્રવાસ કાર્યક્રમના ભાગ રૂપે, PMIS ઇન્ટર્ન લોકોએ કેન્દ્રીય મંત્રી હર્ષ મલ્હોત્રા સાથે વાતચીત કરી અને યોજના પર તેમના શીખવાના અનુભવો, આકાંક્ષાઓ અને પ્રતિસાદ શેર કર્યા.

ઇન્ટર્નને સંબોધતા, શ્રી મલ્હોત્રાએ જણાવ્યું હતું કે ભારતના યુવાનોને સક્ષમ બનાવવા માટે, PMIS નવી તકો ખોલવા અને સૈદ્ધાંતિક શિક્ષણ અને વ્યવહારુ અનુભવ વચ્ચે સેતુ તરીકે સેવા આપવા માટે રચાયેલ છે.

# PADMA AWARDS

સરકારે વર્ષ 2026 માટે 131 પદ્મ પુરસ્કારોની જાહેરાત કરી છે. આ પુરસ્કારોમાં પાંચ પદ્મ વિભૂષણ, 13 પદ્મ ભૂષણ અને 113 પદ્મ શ્રીનો સમાવેશ થાય છે. પુરસ્કાર મેળવનારાઓમાં 19 મહિલાઓ છે અને 16 સન્માનો મરણોત્તર એનાયત કરવામાં આવી રહ્યા છે.

( BYTE – PURASKAR )

ગુજરાતનાં પાંચ નાગરિકોને પદ્મશ્રી પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ધાર્મિક ચુનીલાલ પંડ્યા, હાજીભાઈ કાસમભાઈ મીર, અરવિંદ વૈદ્યને કળા ક્ષેત્રમાં અને નિલેશ માંડલેવાલાને સામાજિક કાર્ય ક્ષેત્રમાં તેમજ રતિલાલ બોરીસાગરને સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે પદ્મશ્રી એનાયત કરાશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્ર માટે તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ તમામ પદ્મ પુરસ્કાર વિજેતાઓને અભિનંદન પાઠવ્યા છે.

# PIYUSH GOYAL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે છેલ્લા એક વર્ષમાં ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના સતત અને રચનાત્મક સંબંધો બંને પક્ષોને ફળદાયી પરિણામની નજીક લાવ્યા છે.

ભારતમાં યુરોપિયન કમિશનર ફોર ટ્રેડ મારોશ સેફકોવિચનું સ્વાગત કરતા, શ્રી ગોયલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે યુરોપિયન યુનિયન ભારત માટે એક મહત્વપૂર્ણ આર્થિક અને વ્યૂહાત્મક ભાગીદાર છે. શ્રી ગોયલે ભાર મૂક્યો કે ભારત અને યુરોપિયન યુનિયન વ્યવસાયો અને લોકોની સમૃદ્ધિ માટે પરસ્પર ફાયદાકારક, મહત્વાકાંક્ષી ભારત-EU FTA બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

આ બેઠક EU-ભારત સમિટ પહેલા થઈ રહી છે, જેનું આયોજન મંગળવારે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WHO

વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) ના વડાએ જણાવ્યું હતું કે WHO માંથી ખસી જવાના નિર્ણય માટે અમેરિકા દ્વારા આપવામાં આવેલા કારણ 'ખોટા' છે. WHO ના ડિરેક્ટર જનરલ, ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે ગઈકાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ ટિપ્પણી કરી હતી. તેમણે ચિંતા વ્યક્ત કરી કે આ પગલું અમેરિકા અને વિશ્વને માટે અયોગ્ય સાબિત થશે.

અમેરિકાએ વિશ્વ આરોગ્ય સંગઠન ખસી જવાની સૂચના પર WHOનું નિવેદન પણ શેર કર્યું.

( BYTE – WHO )

# NARCOTIC - DRUG

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI) એ લગભગ 22 કિલોગ્રામનો માદક પદાર્થનો જથ્થો જપ્ત કર્યો છે, જેની અંદાજિત બજાર કિંમત 55 કરોડ રૂપિયા છે.

આ કેસના સંદર્ભમાં DRI દ્વારા પાંચ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. ઓપરેશન સહ્યાદ્રી દરમિયાન પશ્ચિમ ઘાટના સહ્યાદ્રી રેન્જના દૂરના અંતરિયાળ વિસ્તારમાં એક ગુપ્ત મોબાઇલ મેફેડ્રોન ઉત્પાદન પ્રયોગશાળાને તોડી પાડવામાં આવી હતી.

# CONGO ATTACK

પૂર્વીય કોંગોમાં, ગઈકાલે આતંકવાદી જૂથ દ્વારા કરવામાં આવેલા હુમલામાં કોંગોમાં 25 લોકો માર્યા ગયા હતા.

એલાઇડ ડેમોક્રેટિક ફોર્સ, અથવા ADF દ્વારા કરવામાં આવેલા હુમલામાં મૃતકોમાં 15 લોકોનો ઘરમાં જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા અને ઇટુરી પ્રાંતના ઇરુમુ પ્રદેશના અપાકુલુ ગામમાં ગોળી મારીને સાત લોકો અને વેલ્સે વોંકુટુ વહીવટી વિસ્તારમાં ત્રણ અન્ય લોકો માર્યા ગયા હતા.

કોંગોના પૂર્વીય પ્રદેશમાં તાજેતરના મહિનાઓમાં ADF અને રવાન્ડા સમર્થિત M23 બળવાખોર જૂથ સહિત સશસ્ત્ર જૂથો દ્વારા અનેક હુમલાઓ થયા છે. યુગાન્ડા અને કોંગો વચ્ચેના સરહદી પ્રદેશમાં કાર્યરત ADF એ જેમાં 100 થી વધુ લોકો માર્યા ગયા હતા.

યુગાન્ડા અને કોંગો સશસ્ત્ર દળો જૂથ સામે સંયુક્ત કાર્યવાહી કરી રહ્યા છે.

# CRICKET

ક્રિકેટમાં, ભારતે ગઈકાલે રાત્રે ગુવાહાટીના ખાતે પાંચ મેચની શ્રેણીની ત્રીજી T-20 મેચમાં ન્યુઝીલેન્ડ પર આઠ વિકેટથી શાનદાર વિજય મેળવ્યો. સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ટીમે હવે શ્રેણીમાં 3-0ની અજેય લીડ મેળવી લીધી છે.

લક્ષ્યનો પીછો કરતા, ભારતે માત્ર 10 ઓવરમાં બે વિકેટ ગુમાવીને કુલ સ્કોર વટાવી દીધો. અભિષેક શર્માએ 20 બોલમાં 68 રન બનાવ્યા, જ્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવે 26 બોલમાં 57 રન બનાવ્યા.

અભિષેક શર્માએ પણ રેકોર્ડ બુકમાં પ્રવેશ કર્યો, તેણે 14 બોલમાં બીજી સૌથી ઝડપી T-20 આંતરરાષ્ટ્રીય અડધી સદી ફટકારી. ચોથી T20 બુધવારે વિશાખાપટ્ટનમમાં રમાશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં પદ્મ પુરસ્કારોની જાહેરાત અંગેના સમાચાર મુખ્ય મથાળે છે.

- ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, નવગુજરાત સમય અને ફૂલછાબે લખ્યું છે કે, ધર્મેન્દ્ર, શિબુ સોરેન, રોહિત શર્મા, હરમનપ્રીત સહિત 131ને પદ્મ એવોર્ડ.

- સંદેશે લખે છે કે, ટોલ ટેક્સમાં વાહનચાલકોને 70 ટકાની બમ્પર છૂટ.

- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો હાડ થીજવતી ઠંડી: પોરબંદર, અમરેલી અને રાજકોટમાં તાપમાન 'સિંગલ ડિજિટ'માં, 5 ગુજરાતીઓને પદ્મશ્રી એવોર્ડની જાહેરાત, અમદાવાદ એરપોર્ટ પરથી 12.50 કરોડના હાઇબ્રીડ ગંજ સાથે ચાર પેડલર પકડાયા, ગ્રોસરી શોપિંગ એપના ડેટા ચોરી 17 લાખની ઠગાઈમાં બે ઝડપાયા જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.